**મતદાનનું કાઉન્ટડાઉન**

# ‘અબ કી બાર ’જનતાનો દરબાર

## વલસાડ જિ. પં.માં ૯૨ ઉમેદવાર વચ્ચે જંગ

**વાપી** મનપા, ઉમરગામ પાલિકા, ૬ તાલુકા પંચાયત, એક જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ૭૩૨ સ્થળ પર ૧૧૫૭ કુલ મતદાન મથક

વલસાડ: જિલ્લાની છ તાલુકા પંચાયત પર કુલ ૧૫૦ બેઠકમાંથી ૧૨ બિનહરીફ થતાં ૧૩૮ બેઠક પર મતદાન થશે, ૩૬૩ હરીફ ઉમેદવારો માટે કુલ ૮,૧૧,૬૭૭ મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. ઉમરગામ પાલિકામાં કુલ ૨૮ બેઠકમાંથી ૮ બિનહરીફ થતા ૨૦ બેઠક પર મતદાન થશે, ૪૪ હરીફ ઉમેદવારો માટે ૧૬૮૪૮ મતદાર મતદાન કરશે. તંત્રએ ચૂંટણી માટે જિલ્લા કલેક્ટર તેમજ જિલ્લા ચૂંટણી અધિકારી ભવ્ય વર્માના નેતૃત્વમાં બધી તૈયારીઓ કરી લીધી છે.

ઉમરગામ નગરપાલિકામાં કુલ ૭ વોર્ડમાં ૨૮ બેઠક પર ચૂંટણીની જાહેરાત થઈ હતી. પરંતુ ૨૮ પૈકી ૮ બેઠક બિનહરીફ થતાં ૨૦ બેઠક પર કુલ ૪૪ હરીફ ઉમેદવાર વચ્ચે મતદાન થશે. ચૂંટણી પ્રક્રિયા સુચારૂ રીતે સંપન્ન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ૧ આર.ઓ., ૧ એ.આર.ઓ. ૮૨ પોલિંગ સ્ટાફ અને ૨૫ પોલીસ સ્ટાફની ફાળવણી કરી છે. જેના ૨૦ બેઠક પર ૮૮૩૨ પુરૂષ અને ૮૦૧૬ સ્ત્રી મતદાર મળી કુલ ૧૬૮૪૮ મતદાર મતદાન કરશે.

વલસાડ જિલ્લાની છ તાલુકા પંચાયત ધરમપુર, પારડી, વલસાડ, નાનાપોંઢા, કપરાડા અને ઉમરગામની કુલ ૧૫૦ બેઠકમાંથી ૧૨ બેઠક બિનહરીફ થઈ છે. હવે ૧૩૮ બેઠક પર મતદાન થશે. તમામ તાલુકા પંચાયતો પર પક્ષના સિમ્બોલ પર અને અપક્ષ મળી કુલ ૩૬૩ હરીફ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે. તમામ તાલુકા પંચાયતની સીટો પર નિર્વિઘ્ન મતદાન થાય તે માટે ૧૨ આર.ઓ. ૧૨ એ.આર.ઓ., ૬૨૧૭ પોલીંગ સ્ટાફ અને ૩૪૬૦ પોલીસ સ્ટાફ ફાળવવામાં આવ્યો છે. આ છ બેઠકો પર ૪૧૦૨૪૯ પુરૂષ મતદાર અને ૪૦૧૪૧૭ સ્ત્રી મતદાર અને ૧૧ અન્ય મતદારો મળી કુલ ૮૧૧૬૭૭ મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. જે માટે ૧૬૨૭ ઈ.વી.એમ. ફાળવાયા છે.

જિલ્લા પંચાયતની ૩૬ બેઠકો પૈકી ૪ બેઠક બિનહરીફ થતાં હવે ૩૨ બેઠક પર મતદાન થશે. આ બેઠકો પર કુલ ૯૨ હરીફ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ૮ આર.ઓ., ૧૧ એ.આર.ઓ., ૬૨૧૭ પોલિંગ સ્ટાફ અને ૩૪૬૦ પોલીસ સ્ટાફ ફાળવાયો છે. ચૂંટણીમાં ૪૧૩૪૮૮ પુરૂષ, ૪૦૪૬૩૧ સ્ત્રી મતદાર અને ૧૧ અન્ય મતદાર મળી કુલ ૮૧૮૧૩૦ મતદાર પોતાના પવિત્ર મતનો ઉપયોગ કરી લોકશાહીને જીવંત રાખશે.

### વલસાડ જિલ્લામાં કુલ ૧૧૫૭ મતદાન મથકમાંથી ૫૪ અતિસંવેદનશીલ અને ૨૨૭ સંવેદનશીલ

ઉમરગામ નગરપાલિકાની ચૂંટણી કુલ ૯ સ્થળ પર ૧૬ મતદાન મથકો પર યોજાનાર છે. જેમાંથી ૬ સંવેદનશીલ મતદાન મથક છે. ધરમપુર તાલુકા પંચાયતની ચૂંટણી કુલ ૧૩૬ સ્થળ પર ૧૮૧ મતદાન મથકો પર યોજાનાર છે. જેમાંથી ૨૭ સંવેદનશીલ અને ૧૨ અતિસંવેદનશીલ મતદાન મથક છે. કપરાડા તાલુકા પંચાયતની ચૂંટણી ૧૨૫ સ્થળ પર ૧૫૦ મતદાન મથકમાં યોજાનાર છે. જેમાંથી ૧૮ સંવેદનશીલ અને ૮ અતિસંવેદનશીલ મતદાન મથક છે. વલસાડ તાલુકા પંચાયતની ચૂંટણી ૧૩૧ સ્થળો પર ૨૧૧ કુલ મતદાન મથક પર યોજાનાર છે. જેમાંથી ૪૪ સંવેદનશીલ અને ૨ અતિસંવેદનશીલ મતદાન મથકો છે. પારડી તાલુકા પંચાયતની ચૂંટણી ૭૩ સ્થળ પર ૧૪૧ મતદાન મથકો પર યોજાનાર છે. જેમાંથી ૩૯ સંવેદનશીલ મતદાન મથક છે. અતિસંવેદનશીલ એક પણ નથી. ઉમરગામ તાલુકા પંચાયતની ચૂંટણી ૧૨૪ સ્થળો પર કુલ ૨૧૬ મતદાન મથકો પર યોજાનાર છે. જેમાંથી ૨૬ સંવેદનશીલ અને ૧૫ અતિસંવેદનશીલ મતદાન મથકો છે. નાનાપોંઢા તાલુકા પંચાયતની ચૂંટણી ૭૮ સ્થળ પર ૧૧૯ કુલ મતદાન મથકો પર યોજાનાર છે. જેમાંથી ૨૮ સંવેદનશીલ અને ૧૭ અતિસંવેદનશીલ મતદાન મથકો છે. વલસાડ જિલ્લામાં વાપી મનપા, ઉમરગામ પાલિકા, ૬ તાલુકા પંચાયત અને એક જિલ્લા પંચાયતની ચૂંટણી ૭૩૨ સ્થળ પર ૧૧૫૭ કુલ મતદાન મથકો પર યોજાનાર છે.

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૪૯.૨૫ ટકા મહિલા મતદારોનું પ્રભુત્વ

વલસાડ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મહિલા મતદારોનું પ્રભુત્વ જોવા મળી રહ્યુ છે. જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કુલ ૮૧૮૧૩૦ મતદારોમાંથી મહિલા મતદારો ૪૦૪૬૩૧ છે. જે મુજબ ૪૯.૪૫ ટકા મહિલા મતદારો છે. છ તાલુકા પંતાયતની ચૂંટણીમાં કુલ ૮૧૧૬૭૭ મતદારોમાંથી મહિલા મતદારો ૪૦૧૪૧૭ છે જેની ટકાવારી જોઈએ તો, ૪૯.૪૫ ટકા થાય છે. વાપી મનપાની ચૂંટણીમાં કુલ ૧૧૩૦૯૫ મતદારોમાંથી ૫૨૬૦૦ મહિલા મતદારો હોવાથી મહિલા મતદારોની ટકાવારી ૪૬.૫૦ ટકા છે. જ્યારે ઉમરગામ પાલિકામાં કુલ ૧૬૮૪૮ મતદારોમાંથી ૮૦૧૬ મહિલા મતદારો હોવાથી મહિલા મતદારોની ટકાવારી ૪૭.૫૭ જોવા મળી છે. આમ, જિલ્લામાં કુલ ૧૭૫૯૭૫૦ મતદારોમાંથી મહિલા મતદારો ૮૬૬૬૬૪ છે. ૪૯.૨૩ ટકા અડધોઅડધ મદાર મહિલા મતદારો પર જોવા મળશે.




## વાપી મનપાની ચૂંટણીમાં કુલ 39 મતદાન મથક સંવેદનશીલ

13 વોર્ડની 51 બેઠક માટે 120 ઉમેદવાર મેદાનમાં

વાપી:વાપી મહાનગરપાલિકાની પહેલી ચૂંટણીમાં મતદાન માટે 123 મતદાન મથકમાં 39 મતદાન મથક સંવેદનશીલ તરીકે જાહેર કરી આ મતદાન મથકો પર ખાસ પોલીસ બંદોબસ્ત રાખવામાં આવશે. વાપી મહાનગરપાલિકાના નવા જે ૧૧ ગામનો સમાવેશ કરાયો છે, તેનાથી વધુ વાપી પાલિકાનો જે જૂનો વિસ્તાર છે, ત્યાં સંવેદનશીલ મતદાન મથકો વધુ જોવા મળે છે. વાપી મહાપાલિકાની ચૂંટણી માટે 13 વોર્ડની 51 બેઠક માટે 120 ઉમેદવાર મેદાનમાં છે. વાપી મહાપાલિકાની ચૂંટણી માટે 3 પ્રાંત અધિકારીઓ આર.ઓ. તરીકે સેવા આપી રહ્યા છે.

જયારે 3 એ.આર.ઓ. ૬૮૦ પોલિંગ સ્ટાફ અને ૧૯૩ પોલીસ સ્ટાફની ફાળવણી કરવામાં આવી છે. રવિવારે 60,492 પુરૂષ, 52600 સ્ત્રી અને 3 અન્ય મતદાર મળી કુલ 1,13,095 મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. વાપી મહાપાલિકાની ચૂંટણી માટે કુલ 56 સ્થળ પર તૈયાર કરાયેલા કુલ 123 મતદાન મથક પર ઈવીએમ મશીનથી મતદાન યોજાશે.

### વોર્ડ નં. 9થી વોર્ડ નં. 13માં 19 મતદાન મથક સંવેદનશીલ

વાપી મહાપાલિકાની ચૂંટણી માટે 123 મતદાન મથકમાંથી 39 સંવેદનશીલ મતદાન મથકો છે, જ્યારે અતિસંવેદનશીલ મતદાન મથકો એક પણ નથી. જેમાં વોર્ડ નં. 1થી 4 માં 10 મતદાન મથક સંવેદનશીલ છે. જયારે વોર્ડ નં.5થી 8માં 10 મતદાન મથક સંવેદનશીલ છે. જયારે વોર્ડ નં. 9થી વોર્ડ નં. 13માં 19 જેટલા મતદાન મથક સંવેદનશીલ છે.

## ગણદેવી નગરપાલિકામાં પેટા ચૂંટણી જેવો માહોલ

### 24માંથી 22 બેઠક બિનહરીફ થયા બાદ બે જ બેઠક માટે મતદાન થશે

બીલીમોરા: ગણદેવી નગરપાલિકા સામાન્ય ચૂંટણીમાં આ વખતે અનોખો રાજકીય નજારો જોવા મળી રહ્યો છે. કુલ ૬ વોર્ડની ૨૪ બેઠકો માટે યોજાનારી આ ચૂંટણીમાં ભાજપે એકતરફી પ્રભુત્વ જમાવી દીધું છે. ફોર્મ ચકાસણી અને ઉમેદવારી પરત ખેંચવાના તબક્કા પછી ભાજપના ૨૨ ઉમેદવાર બિનહરીફ ચૂંટાઈ આવતા નગરપાલિકામાં ભાજપની દોઢ દાયકાથી ચાલતી સત્તા વધુ એકવાર અકબંધ રહી છે. જેને પગલે બાકી રહેતી બે બેઠક ઉપરની ચૂંટણીનો નજારો પેટા ચૂંટણી જેવો દેખાઈ રહ્યો છે.

પાલિકાની વર્તમાન ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ શરૂઆતથી જ પડકાર આપવામાં નિષ્ફળ રહ્યો હતો. મેન્ડેટના અભાવે કોંગ્રેસના ઉમેદવારી ફોર્મ નિષ્ફળ રહ્યાં હતા, જેના કારણે ભાજપને સીધો લાભ મળ્યો હતો. બીજી તરફ કેટલાક અપક્ષ ઉમેદવારોએ પણ ભાજપને સમર્થન આપી પોતાની ઉમેદવારી પરત ખેંચતા ચૂંટણી એકતરફી બની ગઈ હતી. હાલ પરિસ્થિતિ એવી છે કે માત્ર બે બેઠકો પર જ વાસ્તવિક મતદાન થવાનું છે. વોર્ડ નં.૧માં ભાજપના રાજેશ પટેલ (વકીલ) અને વોર્ડ નં.૪માં ભાજપના નિલેશ શર્મા સામે અપક્ષ ઉમેદવાર જયેશભાઈ ઢીમ્મર મેદાનમાં છે. પરંતુ આ અપક્ષ ઉમેદવારને કોંગ્રેસ તરફથી સત્તાવાર સમર્થન મળ્યું નથી, જેના કારણે તેમની સ્થિતિ નબળી માનવામાં આવી રહી છે.

હવે બધો મદાર બાકી રહેલી બે બેઠકો પર છે, જ્યાં મતદારો શું નિર્ણય લે છે તે મહત્ત્વપૂર્ણ રહેશે. ભાજપ ૨૪માંથી ૨૪ બેઠક જીતી ફરી ઇતિહાસ સર્જશે કે અપક્ષ ઉમેદવાર કોઈ ચોંકાવનારું પરિણામ લાવશે, તે આવનારા દિવસોમાં સ્પષ્ટ થશે. ગણદેવી કન્યા શાળામાં શનિવારે ચૂંટણી સાહિત્ય વિતરણ બાદ રવિવારે મતદાન અને મંગળવારે મત ગણતરી સાથે પરિણામ સામે આવશે.

## વલસાડમાં ચૂંટણી પૂર્વે પોલીસનો સખ્ત બંદોબસ્ત

**જિલ્લાનાં** 37 મતદાન મથક અતિસંવેદનશીલ, 125 સંવેદનશીલ

વલસાડ: વલસાડ જિલ્લામાં આવનારી સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી દરમિયાન મતદારો નિર્ભયતાથી મતદાન કરી શકે તે માટે પોલીસ દ્વારા ૨૮૪૨ જેટલા ઇસમો સામે અટકાયતી પગલાં લેવામાં આવ્યા છે. આ ઉપરાંત જિલ્લામાં ફરાર ૯ આરોપીને ઝડપી પાડવામાં આવ્યા છે તેમજ ગેરકાયદે હથિયારોના કેસ નોંધાયા છે. પરવાનાવાળા ૪૬૮ હથિયાર જમા લેવામાં આવ્યા છે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયામાં સુરક્ષા માટે એસપી સહિત ઉચ્ચ અધિકારીઓ, પોલીસ જવાનો, હોમગાર્ડ અને એસઆરપીના જવાનોનો વિશાળ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ચૂંટણીને ધ્યાનમાં રાખીને ૧૭ આંતરરાજ્ય ચેકપોસ્ટ ઊભી કરવામાં આવી છે તેમજ સરહદી રાજ્યો સાથે સંકલન બેઠક યોજાઈ છે. સાથે જ પેટ્રોલિંગ માટે પોલીસ મોબાઇલ, ક્યૂઆરટી અને સ્ટ્રાઈકિંગ ફોર્સ તૈનાત કરવામાં આવી છે અને મતગણતરી સ્થળોએ ત્રિસ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

### દારૂના કેસમાં રૂ. 4.33 કરોડનો મુદ્દામાલ કબજે

દારૂ સંબંધિત કાર્યવાહી અંગે જોવામાં આવે તો જિલ્લામાં ૧૫૮૧ પ્રોહિબિશન કેસોમાં કુલ રૂપિયા ૨,૭૬,૩૭,૦૨૨ના લીકર સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. અન્ય મુદ્દામાલ સાથે મળી કુલ રૂપિયા ૪,૩૩,૨૧,૪૧૨ની માલમત્તા પોલીસ દ્વારા કબજે લેવામાં આવી છે. ગાંજા અને નશીલા પદાર્થોની કાર્યવાહી અંતર્ગત ૩ એન.ડી.પી.એસ. કેસોમાં કુલ ૨.૩૪૧ કિલોગ્રામ ગાંજો અને ૬.૩૮૦ મિલિગ્રામ હેરોઈન સાથે કુલ રૂપિયા ૨,૪૪,૬૫૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

## ડાંગમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે તંત્ર સજ્જ

**૨૦૩૯** પોલિંગ સ્ટાફ અને ૭૧૭ પોલીસ સ્ટાફ તૈનાત રહેશે



સાપુતારા: ડાંગ જિલ્લા ચૂંટણી અધિકારી શાલિની દુહાને જિલ્લાના મીડિયાકર્મીઓ સાથે સંવાદ સાધ્યો હતો. ડાંગ જિલ્લામાં પણ રાજ્ય સમસ્તની જેમ તા.૨૬/૪/૨૦૨૬નાં રોજ સવારે ૭:૦૦ વાગ્યાથી સાંજના ૬:૦૦ વાગ્યા સુધી જિલ્લાના કુલ-૩૩૭ મતદાન મથકો ઉપર મતદાન યોજાશે. જેમાં કુલ ૯૭ હજાર ૯૩૯ પુરૂષ અને ૯૫ હજાર ૬૪૭ સ્ત્રી મતદારો મળી કુલઃ ૧ લાખ ૯૩ હજાર ૫૮૮ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે.

સમગ્ર ચૂંટણી પ્રક્રિયા નિર્વિઘ્ને સંપન્ન થાય તે માટે ૨૦૩૯ જેટલા પોલિંગ સ્ટાફ અને ૭૧૭ જેટલા પોલીસ સ્ટાફને ડ્યૂટી/તાલીમથી સુસજ્જ કરી દેવામાં આવ્યા છે. જેઓ ૯ જેટલા ચૂંટણી અધિકારીઓ અને ૧૨ જેટલા મદદનીશ ચૂંટણી અધિકારીઓને મદદરૂપ થશે. સમગ્ર જિલ્લામાં ૩૩૭ મતદાન મથકો ઉપર પૂરતા પ્રમાણમાં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જેમાં ૩૨૦ પોલીસ જવાનો, ૩ આમર્ડ પોલીસ, ૩૯૪ હોમગાર્ડ્સ/GRD નો સમાવેશ કરાયો છે. જ્યારે જિલ્લાના ૬૮ જેટલા રૂટ ઉપર ૭૯ જેટલા ઝોનલ ઓફિસરોની નિયુક્તિ પણ કરી દેવામાં આવી છે. ઉલ્લેખનિય છે કે, આહવા ખાતે સરકારી માધ્યમિક શાળા, વઘઈ ખાતે તાલુકા સેવા સદન, અને સુબિર ખાતે તાલુકા સેવા સદન ખાતે મત ગણતરી યોજાશે. સમગ્ર પ્રક્રિયા માટે જિલ્લા કક્ષાએ એક કંટ્રોલરૂમ પણ કાર્યરત કરાયો છે. જેનો નંબર : ૦૨૬૩૧-૨૨૦૩૪૭ છે.

## પ્રચાર પડઘમ શાંત થયા, ડોર ટુ ડોર પ્રજાને રિઝવવા પ્રયાસ

**ઉમેદવારોની** પ્રજાનો વિશ્વાસ જીતવા આખરી દૌડ, તંત્રની ચૂંટણી કામગીરીની દૌડ

બીલીમોરા: ગણદેવી તાલુકામાં સ્થાનિક સ્વરાજ્ય પંચાયત ચૂંટણીના પ્રચાર પડઘમ શુક્રવાર સાંજે પાંચના ટકોરે શાંત થયા હતા. જે બાદ ઉમેદવારો એ ડોર ટુ ડોર પ્રચાર કર્યો હતો. તે અગાઉ ઠેર ઠેર બાઈક રેલીને પગલે રાજકીય ગરમાટો વ્યાપી ગયો હતો. ગણદેવીમાં તાલુકાની ૨૪ અને જિલ્લાની ૬ પૈકી ૫૦ ટકા બેઠકો ભાજપ તરફી બિનહરીફ રહી હતી. હવે તાલુકા અને જિલ્લાની મળી ૧૫ બેઠક ઉપર રવિવારે મતદાન યોજાશે. જેના ૪૮ કલાક અગાઉ પ્રચાર પડઘમ શાંત થયા હતા. તે અગાઉ ગણદેવી તાલુકામાં ગણદેવા અને સરીબુજરંગ જિલ્લા પંચાયત બેઠક તેમજ ઉંડાચ અને નાંદરખા તાલુકા પંચાયત ઉપર ભાજપની બાઈક રેલી નીકળી હતી. દરમિયાન શુક્રવાર સાંજે પાંચ ના ટકોરે પ્રચાર પડઘમ શાંત થયા હતા. ગણદેવીમાં આજે શનિવારે ચૂંટણી ફરજ ઉપરના કર્મચારીઓ સર સીજે ન્યુ ટ્રસ્ટ સંચાલિત શાળા પરીસરમાં ચૂંટણી સાધન સામગ્રી વિતરણ કરાશે.

### કપરાડા અને નાનાપોંઢા તાલુકામાં 2,23,799 મતદાર કરશે ફેંસલો

વલસાડ: 26 એપ્રિલે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ અંતર્ગત શુક્રવારે પ્રચારના પડઘમ શાંત થયા હતા. અગાઉ ભાજપ દ્વારા શક્તિપ્રદર્શનના ભાગરૂપે બાઇક-કાર રેલી અલગ અલગ સ્થળ ઉપર યોજાઈ હતી. જિલ્લાના આદિવાસી તાલુકા કપરાડા અને નાનાપોંઢા તાલુકામાં ભાજપ-કોંગ્રેસ સાથે આમ આદમી પાર્ટી પણ મેદાનમાં હોય ત્રિકોણીય જંગ ખેલાશે. તો નવા બનેલા નાનાપોંઢા તાલુકામાં પ્રથમવાર ચૂંટણી યોજાઈ રહી હોય ઉમેદવારો અને મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નાનાપોંઢા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત બેઠક ઉપર, તો સિલધા બેઠક ઉપર પણ બાઈક રેલી યોજાઈ હતી. તો કપરાડા અને નાનાપોંઢા વહીવટીતંત્ર દ્વારા ચૂંટણીઓ સુપેરે પાર પાડવા આયોજન કરાયું છે. જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ માટે તાલુકા પંચાયત માટે 8 આર. ઓ, 11 એ.આર. ઓ, 6217 પોલિંગ સ્ટાફ અને 3460 પોલીસ કર્મચારી ફરજ બજાવશે. કપરાડા તાલુકામાં કુલ 1,20,093 લાખ મતદાર ચૂંટણીમાં નોંધાયા છે. જેમાં પુરુષ 62,609 અને મહિલા 57,484 મહિલા મતદારો નોંધાયા છે. નવા નાનાપોંઢા તાલુકામાં કુલ 1,03,706 મતદારો નોંધાયા છે. જેમાં પુરુષ મતદારો 52709 અને મહિલા મતદારો 50997 નોંધાયા છે.

## દમણમાં મહિલાને લાકડીથી માર મારનાર પાંડુની ધરપકડ

**માર** મારતો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો



દમણઃ દમણના કચીગામમાં માહ્યાવંશી ફળિયામાં રહેતો અને દારૂનો ધંધો કરનાર અલ્પેશ હરેશ માહ્યાવંશી (પાંડુ) ની એક મહિલાને માર મારવાના ગુનામાં પોલીસે ધરપકડ કરી છે. 3 દિવસ અગાઉ સોશ્યિલ મીડિયામાં એક વિડીયો વાયરલ થવા પામ્યો હતો. જેમાં પાંડુ તેના ચાલની રૂમની બહાર ખુરશી પર બેસી મોબાઈલમાં કંઈ જોઈને સામેની બાજુ બેઠેલી એક સુરતની મહિલા સાથે ગુસ્સામાં વાત કરતા અચાનક મહિલાની કોઈ વાતને લઈને પાંડુને વધુ ગુસ્સો આવી જતા પ્રથમ મહિલાને માથાના ભાગે ઈજા પહોંચે તેવા આશય સાથે છૂટ્ટો મોબાઈલ ફોન મારે છે. જે બાદ વાત વધી જતા નજીકમાં મૂકેલી એક લાકડી મહિલાને છૂટ્ટી મારતા મહિલાને માથાના ભાગે લાકડી લાગે છે. જે બાદ પાંડુ મહિલાને ગમે એમ ગાળાગાળી કરતા વીડિયોમાં જોવા મળે છે. આ વ્યવહાર દારૂના પૈસાની લેતી દેતી અંગે થઈ હોવાનું જાણવા મળ્યું છે. આ બાદ વાયુવેગે સોશિયલ મીડિયામાં મહિલાને મારતો વિડીયો વાયરલ થતાં દમણની કચીગામ પોલીસે ધરપકડ કરી હતી.

## ધરમપુરમાં ઘરફોડ ચોરીના બે ગુનામાં 21 વર્ષીય મહિલાની ધરપકડ

ધરમપુરઃ ધરમપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના બે અલગ-અલગ ગુનાઓમાં પોલીસે સી.સી.ટી.વી. એનાલીસીસ અને હ્યુમન ઈન્ટેલીજન્સનો ઉપયોગ કર્યો હતો. તપાસ દરમિયાન પોલીસે ૨૧ વર્ષની એક મહિલાની અટકાયત કરી ચોરીના બે ગુના શોધી કાઢવામાં આવ્યા છે. તેની પાસેથી પોલીસે કુલ ૨૧,૪૯૦ ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો છે. જેમાં બે સોનાની વીંટી, 6 જોડી ચાંદીની પાય, સોનાની ચેઈન, સોનાનું બ્રેસલેટ, ત્રણ ચાંદીના મંગળસૂત્ર, ત્રણ સોનાની નથણી, ચાંદીનો કમરપટ્ટો, કમરઝુલો અને રોકડ રકમનો સમાવેશ થાય છે.

## વાપી ચલા ગોલ્ડ કોઈન સર્કલ પર ખોદકામ વેળા ગેસલાઈનમાં ભંગાણ



વાપી: વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં જયાં-ત્યાં રસ્તા, ગટર લાઈન વગેરે વિકાસના કામો ચાલી રહ્યા છે. જેમાં ચલા ગોલ્ડ કોઈન સર્કલ પાસે ગટરની ખોદકામ કરતી વેળા અહીંથી પસાર થતી ગેસ પાઈપલાઈન તૂટી ગઈ હતી. ગેસ લાઈન તૂટતા તેજ પ્રેશર સાથે ગેસ બહાર નીકળવાના અવાજથી દોડધામ મચી ગઈ હતી અને અફરાતફરી વચ્ચે ભયનો માહોલ સર્જાયો હતો. ગેસ પાઈપલાઈન તૂટતા તરત જ ગેસ કર્મચારીઓને જાણ કરવામાં આવી હતી અને તે બાદ ગેસ સપ્લાય બંધ કરી દેવામાં આવી હતી અને તૂટેલા પાઈપલાઈનનું સમારકામ કરવામાં આવ્યું હતું.

## મોટાપોંઢા ગામના ગુમ યુવાનનો મૃતદેહ મંદિર તળાવની ગટરમાંથી મળ્યો

**18 વર્ષીય** યુવક 24 કલાક પહેલાં ઘરેથી કામ અર્થે ગયા બાદ ગાયબ થયો હતો

વલસાડઃ નાનાપોંઢા તાલુકાના મોટાપોંઢા ગામના ગામતળ ફળિયામાં રહેતા ધર્મેશભાઈ દીપકભાઈ હળપતિ (ઉં.વ.18) છેલ્લા 24 કલાકથી ઘરેથી ગયા બાદ પરત ન ફરતા પરિવારજનોએ ગઈ કાલે સાંજે નાનાપોંઢા પોલીસ સ્ટેશનમાં ગુમ થવાની ફરિયાદ નોંધાવી હતી. જેમનો મૃતદેહ ગામ નજીકની મંદિર ગટરમાંથી મળી આવ્યો હતો. આજે સવારે મંદિર કિનારે આવેલા તળાવની ગટરની અંદર એક મૃતદેહ જોવા મળતા મંદિર આવતા ભક્તોએ સરપંચને જાણ કરી હતી, સરપંચે તરત જ નાનાપોંઢા પોલીસ સ્ટેશનને ઘટનાની સૂચના આપતાં પોલીસ ઘટના સ્થળ ઉપર દોડી આવી હતી. તપાસમાં મૃતદેહ ધર્મેશનો હોવાનું માલુમ થયું હતું. પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે નાનાપોંઢા સરકારી હોસ્પિટલમાં ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. મૃત્યુ કઈ પરિસ્થિતિમાં નિપજ્યું તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.